

## આપણે આઝાદ છીએ ખરા..??

આજે સમગ્ર રાષ્ટ્રમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી થશે પરંતુ આપણે ખરેખર આઝાદ છીએ ખરા..?? દેશની ભવ્યતાના દર્શન નહીં થાય ત્યાં સુધી રાષ્ટ્રની સર્વાંગી પ્રગતિ સંભવ નથી. દેશમાં જે પ્રકારની ઘટનાઓ નોંધાઈ રહી છે તે જોતાં અત્યારે પણ આપણે એવું લાગે છે કે આપણે આઝાદ છીએ ખરા..?? ભારતના ભાવિ ઘડવૈયા આ અંગે શું વિચારતા હશે..??

# બાયડ તાલુકા પંચાયતના મિશન મંગલમ યોજનામાં મહિલાકર્મી અસલામત

### જાતિય સતામણી થતી હોવાનો આરોપ લગાવ્યો, તપાસનો ધમધમાટ

(બાયડ, તા.૨૫)

બાયડ તાલુકા પંચાયતના મિશન મંગલમ યોજનાના કર્મચારી દ્વારા મહિલા કર્મીની જાતિય સતામણી કર્યાનો આરોપ લાગ્યા પછી તપાસનો ધમધમાટ શરૂ થતાં હલચલ મચી ગઈ છે. તાલુકા પંચાયતમાં મહિલાઓની સુરક્ષા સામે સવાલ ઉભા થતાં તેનો અંડર કરંટ જિલ્લા કક્ષા સુધી પહોંચ્યો છે. ફરિયાદમાં કેટલું સત્ય છૂપાયેલું છે તેની વિગતો સામે આવી જ જોઈએ કારણ કે તાલુકા પંચાયતના અનેક વિભાગોમાં ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર છતાં યોગ્ય પગલાં ભરાતાં નથી તેની પાછ્ળ અનેક મજબૂરીઓ હોવાની આશંકા છે. આરોપમાં તથ્ય છે કે પછી નાક દબાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે..?? તેની તપાસ કરી તાલુકાની પ્રજા સમક્ષ સત્ય લાવવું રહ્યું.

બાયડ તાલુકા પંચાયતના કેટલાક વિભાગો ગાંધીનગર સુધી પંકાયેલા છે. અગાઉના વર્ષોમાં સેવા સેતુ કાર્યક્રમમાં વહીવટી તંત્રની કામગીરીના ધજાગરા થઈ જાય તેવા કિસ્સા ગાબટમાં જોવા મળ્યા હતા પરંતુ બધાના પગતફે રેલો હોવાથી આખોય મામલો દબાવી દેવામાં આવ્યો હતો ત્યાર પછી પણ અનેક કિસ્સાઓમાં બદનામ કર્મીઓને યેનકેન પ્રકારે બચાવી લેવાના પ્રયાસો થયા છે. અગાઉ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં કેટલાક જી.વી.સી. સામે ખુલ્લેઆમ ભ્રષ્ટાચારના આરોપ પછી તપાસમાં મામલાઓ દબાવી દેવા માટે દામ, શામ, દંડ.. તમામનો ઉપયોગ થયો હતો. સમય જતાં ફરીથી પંકાયેલા કર્મચારીઓ યોગ્ય જગ્યાએ ગોઠવાઈ જાય છે. ત્યારે તાજેતરમાં જ તાલુકા પંચાયતની બહુચર્ચિત મિશન મંગલમ યોજનાના કર્મીએ સાથીદાર મહિલા કર્મીની જાતિય સતામણી કરતો હોવાની ફરિયાદ થતાં હલચલ શરૂ થઈ ગઈ છે. તાલુકા પંચાયતના જવાબદારો આ બાબતે અમે કશું જાણતા નથી તેવા જવાબ આપે છે પરંતુ જે રીતે તપાસ ઉભી કરીને સમેટવાનો પ્રયાસ થઈ રહ્યો છે તે જોતાં જરૂર કંઈક રંધાયાની દુર્ગંધ આવી રહી છે.

#### મહિલાકર્મી તમામ રાજ જાણતી હોવાની ચર્ચા..

બાયડ તાલુકા પંચાયતમાં મિશન મંગલમ યોજનામાં કામ કરતી મહિલા કર્મીની જાતિય સતામણીની ફરિયાદે હલચલ મચાવી છે. જો કે ફરિયાદમાં તપાસ થઈ કે કેમ..?? તે બાબતે કોઈ સ્પષ્ટતા કરવા તૈયાર નથી પરંતુ મહિલા કર્મી તાલુકા પંચાયતના દરેક ટેબલના રાજ જાણે છે અને એટલે જ કોઈપણ ભોગે સમાધાન કરી લેવાનો અંતિમ ઈલાજ શોધી લેવામાં આવ્યો છે.

#### અહોમ આશ્ચર્યમ : નિયામક કહે છે કે હું કશું જાણતો નથી..

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકનો ટેલિફોનિક સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે આ અંગે હું કંઈ જાણતો નથી તો પછી લોકચર્ચા એવી છે કે તપાસ માટે કમીટી રચવામાં આવી છે અને તપાસ ચાલી રહી છે તો પછી તપાસનો આદેશ આપ્યો કોને..??

# સુજલામ સુફલામ કેનાલમાં પાણી છોડાતાં જિલ્લાના ધરતીપુત્રોમાં ખુશાલી

### ૨૦ હજાર હેક્ટર જમીનમાં મૂંરઝાતી ખેતીને જીવતદાન, રવી સીઝન પૂર્ણ થાય ત્યાં સુધી પાણી અપાશે

બાયડ, તા.૨૫

ઉત્તર ગુજરાતના ખેડૂતોની જીવાદોરી ગણાતી સુજલામ કેનાલમાં છેલ્લા ૩ દિવસથી રવી સીઝન માટે પાણી છોડાતાં બાયડ, ધનસુરા, તલોદ અને પ્રાંતિજ તાલુકામાં મૂંરઝાતી ખેતીને જીવતદાન મળ્યું છે. રવી સીઝન પૂર્ણ થાય ત્યાં સુધી પાણી આપવાનો નિર્ણય કરાયો છે. અત્યારે કડાણા ડેમમાંથી ૬૦૦ ક્યુસેક પાણી છોડાતાં સુજલામ કેનાલ બેકાંઠે વહી રહી છે.

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના બ્યુગલ વાગ્યા છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ખેડૂતો દ્વારા સુજલામ કેનાલમાં પાણી છોડવામાં આવે તેવી માંગ કરી હતી. જેથી સરકાર દ્વારા વિભાગને જરૂરી સૂચના અપાતાં સૂકીભઠ્ઠ બનેલી સુજલામ કેનાલ ફરીથી જીવંત બની છે. છેલ્લા ૩ દિવસથી સુજલામ કેનાલમાં પાણી તલોદ તાલુકા સુધી પહોંચ્યાં છે.

કેનાલના કમાન્ડ વિસ્તારમાં ૨૦ હજાર હેક્ટરથી વધુ જમીનને હવે પિયતનો લાભ મળશે. જેથી મૂંરઝાતી રવી ખેતીને જીવતદાન મળ્યું છે. બાયડ, ધનસુરા તાલુકાના ખેડૂતો દ્વારા સુજલામ કેનાલમાં પાણી છોડવા માટે સરકારમાં કરેલી રજૂઆત રંગ લાવતાં છેલ્લા ૪ દિવસથી જિલ્લામાંથી પસાર થતી સુજલામ કેનાલમાં પાણી શરૂ થયું છે. આગામી દિવસોમાં પિયત વિસ્તાર અનેક ગણો વધવાની સંભાવના છે. સુજલામ કેનાલ બે કાંઠે વહેતાં ખેડૂતોએ ખેતરમાં સિંચાઈનાં પાણી ફરતાં કર્યા છે.

#### સંપૂર્ણ સીઝન માટે સિંચાઈનું પાણી મળશે

સુજલામ સુફલામ બાયડ વિભાગના ઈજનેર યુ. કે. ઠાકોરનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે છેલ્લા ૪ દિવસથી સુજલામ કેનાલમાં ૬૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે જેનાથી ખેડૂતોને સિંચાઈનો મહત્તમ લાભ થશે અને આસપાસના બોરકૂવા રિચાર્જ થશે. રવી સીઝન પૂર્ણ થાય ત્યાં સુધી સુજલામ કેનાલમાં પાણી ચાલુ રહેશે.



# જિલ્લામાં શટલિયાં વાહનોએ એસ.ટી. વિભાગની ઉંઘ ઉડાડી

### મોટાભાગના વાહનોમાં ખાખી વર્દીનો પરિવાર..!! : દૈનિક રૂા.૧ લાખની ખોટ, પોલીસનો સિંહ ફાળો

બાયડ, તા.૨૫

જિલ્લામાં એસ.ટી. બસને સમાંતરે ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરીને દોડતા શટલિયાં વાહનોએ ૮ ડેપોના સત્તાવાળાઓની ઉંઘ હરામ કરી છે. એસ.ટી.ના મુસાફરોને ખેંચી જઈ દૈનિક રૂા.૧ લાખની ખોટમાં ઉતારવામાં આવી રહ્યા છે. તેમાં પોલીસનો સિંહ ફાળો છે. કારણ કે તમામ પોલીસ સ્ટેશનની હદમાં ખાનગી વાહનોમાં ક્ષમતા કરતાં વધુ મુસાફરો ભરેલા હોવા છતાં પોલીસ કોઈ કાર્યવાહી કરતી નથી. જ્યારે મોટાભાગના વાહનોમાં ખાખી વર્દીનો પરિવાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગીદાર છે જે જગજાહેર છે તેના કારણે જ પોલીસ શટલિયાં વાહનો સામે પગલાં ભરતાં પાછી પાની કરે છે.

રાજ્યની ભાજપ સરકારે જમીન હડપ કરનારા ભૂમાફીયાઓની શાન ઠેકાણે લાવવા માટે નવો કાયદો ઘડ્યો છે તદ્ઉપરાંત અન્ય નવા કાયદાઓ ઘડી રાજ્યમાં સુખ-શાંતિનો વધુ અનુભવ થાય તેવા પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ નિર્દોષ મુસાફરોને મોતના મુખમાં ધકેલનાર શટલિયા વાહન ચાલકો સામે કોઈ પગલાં ભરવામાં આવતાં નથી. ઘેટાં-બકરાંની માફક મુસાફરો ભરીને દોડતા વાહન ચાલકો પાસેથી ખુલ્લેઆમ ઉઘરાણું થાય છે અને તેમાં પોલીસ સંડોવાયાની વિગતો અગાઉ ગાંધીનગર એ.સી.બી.ની ટીમે ઉજાગર કરી હતી પરંતુ રેલો અનેક અધિકારીઓ સુધી આવતો હોવાથી મામલો તપાસના બહાને દબાવી દેવામાં આવ્યો છે. આજે જિલ્લામાં દૈનિક ૭૦ હજારથી વધુ મુસાફરો ખાનગી વાહનોમાં જોખમી મુસાફરી કરે છે. કોરોનાના કહેર પછી એસ.ટી.ના મોટાભાગના રૂટ અનિયમિત થઈ ગયા છે જેનો ફાયદો પણ શટલિયા વાહનોને મળ્યો છે. એસ.ટી. સેવાઓ લાંબા સમય પછી પૂર્વવત થઈ પરંતુ એસ.ટી. બસ મથકો અને ટ્રાફીક પોઈન્ટ ઉપરથી એસ.ટી. બસના મુસાફરોને ખાનગી વાહન ચાલકો ઉપાડી જાય છે છતાં પોલીસ અને એસ.ટી.ના અધિકારીઓ આવા વાહન ચાલકો સામે પગલાં ભરતા નથી કારણ કે દર મહિનાની ૫ તારીખે ખિસ્સાં ગરમ થતાં હોવાથી તેમને બક્ષવામાં આવી રહ્યાના લોક આરોપમાં તથ્ય છે કે કેમ..?? તેની તપાસ થવી જોઈએ. ખાસ કરીને ભિલોડા, ઈડર, હિંમતનગર, વિજયનગર, વડાલી, ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં મુસાફરોને મોતની મુસાફરી કરાવવા માટે હોડ જામી રહી છે છતાં કેટલાં વાહનો પોલીસ અને આર.ટી.ઓ.એ ડીટેઈન કર્યા તેની દૈનિક વિગતો માગવામાં આવે તો પોલીસની કામગીરીની પોલ ખૂલી શકે છે.




## પાલનપુરમાં બેફામ ડમ્પરે ચારને કચડ્યા

પાલનપુરમાં મોડીરાત્રે બેફામ બનેલાં ડમ્પરે નિંદ્રાધિન ચાર શ્રમિકોને કચડ્યાં હોવાની ચોંકાવનારી ઘટના બનવા પામી છે. જેમાં ગંભીર ઈજાઓને કારણે એક શ્રમિકનું ઘટના સ્થળે જ કરૂણ મોત થયુ હતુ. જે બાદમાં ત્રણ શ્રમિકોને ગંભીર ઈજાઓ પહોંચી હોઇ તાત્કાલિક અસરથી સારવાર અર્થે મોકલાયા હતા. ઘટના બાદ ચાલક ડમ્પર મુકીને ફરાર થઈ ગયો હતો.

સમગ્ર મામલે હાલ સ્થાનિકો પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુરમાં ગતરાત્રે ડમ્પરે ચાર શ્રમિકોને કચડતાં એકનું મોત થયુ છે. પાલનપુરના માનસરોવર વિસ્તારમાં પથિકાશ્રમની પાછળની ભાગે રાત્રે મજૂરો સુઇ ગયા હતા. જે બાદમાં મોડીરાત્રે બેફામ બનેલાં ડમ્પરે ચારે શ્રમિકોને કચડી દીધા હતા. જેમાં ગંભીર ઈજાઓને કારણે એકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત થયુ હતુ.

# સાબરકાંઠા, અરવલ્લીમાં રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી

### ભારતના ચૂંટણીપંચ દ્વારા ઈ-એપિક લોન્ચ કરાઈ

(બાયડ, તા.૨૫)

ભારત જેવા લોકશાહી દેશમાં મતદાતાનું અમૂલ્ય મહત્વ છે ત્યારે દર વર્ષે ૨૫ જાન્યુઆરીના રોજ ભારતના ચૂંટણીપંચ દ્વારા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી થાય છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧૧મા રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

અરવલ્લી કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે લોકશાહીને વધુ મજબૂત બનાવવા માટે સૌ મતદાતાઓને મતદાન કરવા અપીલ કરી મતદારોને પોતાની પસંદગીના પ્રતિનિધિ ચૂંટણવાની ભારતના લોકતંત્રએ સમાન તક આપી હોવાનું જણાવ્યું હતું. ભારતના ચૂંટણીપંચ દ્વારા ઓનલાઈન ચૂંટણી કાર્ડ જનરેટ કરવા માટે ઈ-એપિક લોન્ચ કરવામાં આવી હતી. જેથી હવે મોબાઈલ એપ્લીકેશન મારફતે એપ્લીકેશન ડાઉનલોડ કરી શકાશે. આ પ્રસંગે નવા મતદારો અને ચૂંટણી અંગેની સારી કામગીરી કરનારા કર્મચારીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ઈલાબેન આહીર સહિત અધિકારીઓ, નવા મતદારો, બી.એલ.ઓ. ઉપસ્થિત રહ્યા હતા.




## પ્રાંતિજના અમીનપુર તળાવ પાસે રોડના કામને લઈને અકસ્માત

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના અમીનપુર રોડ અમીનપુર તળાવ પાસે રાત્રીના રોડના કામને લઈને ઉપરા ઉપરી પાંચ બાઈકો પટકાતા ત્રણ બાઈકસવારો સહિત બાઈક પાછળ બેઠેલી મહિલાને ઈજાઓ પહોચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા. પ્રાંતિજના અમીનપુર ખાતે રોડના કામને લઈને અમીનપુર તળાવ પાસે રોડની ધારી સાથે રાત્રીના સમયે એક પછી એક ઉપરાઉપરી પાંચ બાઈક સવારો પટકાયા હતાં.

# મુખ્ય શિક્ષકે બદલી થયેલા પ્રાથમિક શિક્ષકોનો પગાર આકાર્યો..!!

### ધનસુરા તાલુકાની રાજપુર જૂથના પંચાવન પ્રાથમિક શિક્ષકોનો પગાર અટકતાં રોષ નાની બોરવાઈ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકને નોટિસ

બાયડ, તા.૨૫

તાજેતરમાં વધ-ઘટ બદલી કેમ્પમાં બદલી થયેલા ધનસુરા તાલુકાની નાનીબોરવાઈ પ્રા.શાળાના શિક્ષકને એકતરફી છૂટા કરવાનો જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા આદેશ આપ્યો હોવા છતાં શાળાના મુખ્ય શિક્ષકે આદેશનું પાલન ન કરી બદલી થયેલા શિક્ષકનો ડિસેમ્બર મહિનાનો પગાર શાળામાં આકારતાં મુખ્ય શિક્ષકની ભૂલની સજા રાજપુર જૂથના ૫૫ જેટલા પ્રા.શિક્ષકોને ભોગવવાનો વારો આવ્યો છે. પગાર ન થતાં પ્રા.શિક્ષકોમાં હોબાળો મચી ગયો છે. આખરે જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ રજૂઆત થતાં તેઓએ મેન્યુઅલી પગાર બીલ બનાવી તાત્કાલિક અન્ય પ્રા.શિક્ષકોને પગાર ચૂકવવાના આદેશ આપ્યાનું જાણવા મળ્યું છે.

જિલ્લામાં પ્રા.શિક્ષકોમાં વધ-ઘટ બદલી કેમ્પને લઈને દેખાયેલો છૂપો અસંતોષ હવે જગજાહેર થઈ રહ્યો છે. સમગ્ર બદલી કેમ્પને કેટલાય પ્રા.શિક્ષકોએ હાઈકોર્ટમાં પડકાર્યો છે પરંતુ તેમાં મુદત પડી રહી છે. બદલી થયેલા શિક્ષકોને તાબડતોબ એક તરફી છૂટા કરવા માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા તમામ ટી.પી.ઓ.ને આદેશ આપવામાં આવ્યા હતા અને છૂટા ન થાય તો તેમનો પગાર નહીં આકારવાની સૂચના આપવામાં આવી હતી જેના કારણે એક તરફી બદલીના આદેશ છતાં છૂટા ન થયેલા બાયડ, ધનસુરા, માલપુર, મેઘરજ, ભિલોડા, મોડાસા તાલુકાના ૫૦ થી વધુ પ્રા.શિક્ષકો પગાર વિહોણા થઈ ગયા છે અને તેમના પગાર ઉપર લીધેલી લોનના ચેક બાઉન્સ થઈ રહ્યા છે પરંતુ નાનીબોરવાઈ પ્રા.શાળાની શિક્ષિકાની વધ-ઘટ બદલી કેમ્પમાં બદલી થઈ અને એકતરફી છૂટા કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો પરંતુ નાનીબોરવાઈ શાળાના મુખ્ય શિક્ષકે બદલી થયેલા શિક્ષકનો ડિસેમ્બર મહિનાનો પગાર શાળામાં આકાર્યો હતો જેથી રાજપુર જૂથના ઓનલાઈન પગાર અંગે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તાકીદ કરી હોવા છતાં કોઈ ઉકેલ ન આવતાં આખરે મુખ્ય શિક્ષકને કારણદર્શક નોટિસ આપી દિન-૩માં લેખિત ખુલાસો કરવા જણાવાયું છે. અન્ય શાળાના મુખ્ય શિક્ષકની ભૂલ અને સજા ૫૫ શિક્ષકો ભોગવી રહ્યા છે તે ક્યાંનો ન્યાય..??

#### બદલી થયેલા શિક્ષકનો પગાર ઉધારતાં મુખ્ય શિક્ષકને નોટિસ : ડી.પી.ઓ.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સ્મિતાબેન પટેલનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે નાનીબોરવાઈ પ્રા.શાળાના મુખ્ય શિક્ષક પી.બી.ચૌધરીએ કચેરીના આદેશોનું પાલન કર્યું ન હતું અને એક તરફી છૂટા કરાયેલા પ્રા.શિક્ષકોનો પગાર તેમની શાળામાં આકાર્યો હોવાથી તેમને કારણદર્શક નોટિસ આપી ખુલાસો આપવામાં આવ્યો છે. ૫૫ થી વધુ પ્રા.શિક્ષકોના પગાર અટકાવવા બાબતે તેઓએ જણાવ્યું કે ઓનલાઈન પગાર બીલમાં બદલી થયેલા પ્રા.શિક્ષકનો પગાર આકાર્યો હોવાથી પગાર અટક્યા હતા પરંતુ હવે મેન્યુઅલી પગારબીલ તાબડતોબ તૈયાર કરી અન્ય શિક્ષકોના પગાર ચૂકવાશે.

#### પ્રા.શિક્ષકોના પગાર અટકતાં શિક્ષક આગેવાનોમાં રોષ

જિલ્લાની સરકારી પ્રા.શાળાના શિક્ષકોનો વધ-ઘટ કેમ્પ યોજાયા પછી બહુમત પ્રા.શિક્ષકો બદલીવાળા સ્થળે હાજર થયા નથી અને તેમના પગાર અટકાવવાનો નિર્ણય લેવાતાં શિક્ષક પરિવારોની હાલત કફોડી બની છે. જ્યારે તાજેતરમાં જ ધનસુરા તાલુકાની રાજપુર જુથ પ્રા.શાળાના પ્રા.શિક્ષકોનો પગાર અટકતાં શિક્ષક આગેવાનોએ જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિમાં પહોંચી રજૂઆત કર્યાનું પણ જાણવા મળ્યું છે.

# શિક્ષણ વિભાગમાં છાશવારે અખાડાથી શિક્ષકો ત્રાસ્યા

બાયડ, તા.૨૫

રાજ્યના શિક્ષણ વિભાગે ખાસ કરીને પ્રાથમિક શિક્ષણને અખતરાનો અખાડો બનાવી દેતાં ખુદ શિક્ષકો જ શિક્ષણથી વિમુખ થતા હોય તેવી લાગણી અનુભવી રહ્યા છે. તાજેતરમાં જ વોટ્સએપ આધારીત ધો.૩ થી ૧૨ની પરીક્ષાના પ્રથમ દિવસે જ સર્વરના ધાંધિયા સામે આવતાં ઉત્તર ગુજરાતના ૩૭ હજારથી વધુ શિક્ષકો સર્વરના ધાંધિયા સામે પોતાની નારાજગી વ્યક્ત કરતા જોવા મળ્યા. ધો.૧૦-૧૨ ના વર્ગો શરૂ થયા છે ત્યારે પ્રાથમિક શાળાઓમાં પણ તબક્કાવાર શિક્ષણ કાર્ય શરૂ કરવું જોઈએ જેથી છાશવારે ખોટકાતા નેટ અને સર્વરના ધાંધિયામાંથી પ્રા.શિક્ષકોને રાહત થાય.

કોરોના શરૂ થયો તે અગાઉથી પ્રા.શિક્ષણમાં ચાલ્યા આવતા અખાડાથી મોટાભાગનો શિક્ષક સમુદાય નારાજ છે. જ્યારે કોરોનાના કારણે શાળાઓમાં શિક્ષણકાર્ય બંધ રાખી હોમ લર્નિંગ અને ઓનલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું તેમાં સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના પ્રા.શિક્ષકોએ પોતાના જીવની પરવા કર્યા વગર ઘેર..ઘેર જઈ હોમલર્નિંગ કાર્યક્રમને સફળ બનાવ્યો. કોરોનાનો ચેપ લાગવાથી ઉત્તર ગુજરાતના ૫ થી વધુ પ્રા.શિક્ષકોએ જીવ પણ ગુમાવ્યા છે. મોંડે મોંડે શિક્ષણ વિભાગે ધો.૩ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે વોટ્સએપ આધારીત પરીક્ષાની જાહેરાત કરી હતી. પ્રાયોગિક ધોરણે લેવામાં આવેલી આ પરીક્ષામાં પ્રથમ દિવસે સર્વરના ધાંધિયાથી શિક્ષકો એટલી હદે ત્રાસ્યા હતા કે હવે શાળાઓમાં શિક્ષણ કાર્ય શરૂ કરો..તેવો આક્રોશ જતાવ્યો હતો. જ્યારે વિદ્યાર્થીઓને યુ-ડાયસ કોડ અંગે જાણકારી ન હોવાથી પરીક્ષા આપી શક્યા ન હતા. પ્રાયોગિક ધોરણે લેવામાં આવનારી આ પરીક્ષામાં જે મુશ્કેલી આવી છે તેને લઈને વિભાગે તાબડતોબ તેના નિરાકરણ માટે પ્રયાસ હાથ ધર્યા છે. વોટ્સએપ આધારીત સાપ્તાહીક પરીક્ષાનું આયોજન કેટલું સફળ થયું તે આગામી દિવસોમાં ખ્યાલ આવશે અનેક વિદ્યાર્થીઓએ અગાઉથી રજીસ્ટ્રેશન કરાવ્યું હોવા છતાં સર્વરના ધાંધિયાથી પરીક્ષા આપી શક્યા નથી.

#### ઉત્તર ગુજરાતમાં વોટ્સએપ આધારીત ધો.૩ થી ૧૨ ની પરીક્ષામાં પ્રથમ દિવસે સર્વરના ધાંધિયા

# પ્રાંતિજ એમ.સી.દેસાઈ કોલેજ સંકુલમાં રાષ્ટ્રીય મતદાન દિવસની ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંકુલમાં ૨૫ મી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

૨૫ મી જાન્યુઆરી નો દિવસ રાષ્ટ્રીય મતદાતા દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ દિવસે ભારત ના ચુંટણી પંચ ની સ્થાપના કરવામાં આવી હતી આપણો દેશ વિશ્વ નો સૌથી મોટો લોકશાહી દેશ છે જયાં મતદાતાનું મહત્વ લોક તાંત્રિક પ્રકિયામાં સૌથી ઉપરનું છે પ્રાંતિજ ખાતે શ્રીમતી એમસી દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંકુલમાં યોજાયેલ આ કાર્યક્રમમાં પ્રાંતિજ-તલોદ ના પ્રાંન્ત અધિકારી સોનલ બા પઢેરીયા, નાયબ મામલતદાર અશોકભાઈ તેમજ કોલેજ ના પ્રોફેસર ડૉ. કાન્તિભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા જેમનું કોલેજ પરિવાર દ્વારા સ્વાગત કર્યું હતું પ્રાંન્ત અધિકારી સોનલ બા પઢેરીયા આ પ્રસંગે બેસ્ટ બી.એલ. ઓ સુપરવાઈઝર કે જેમણે મતદાર સુધારણા કાર્યક્રમ માં સરાહનીય કામગીરી કરી હતી તેમનું સન્માન કરી ને પ્રમાણપત્ર એનાયત કર્યા હતાં ઉપસ્થિત કોલેજના વિદ્યાર્થીઓને મતદાતા અને મતદાનનું મહત્વ સમજાવ્યું હતું મતદાન જાગૃતિ અંગે વકતવ્યો રજુ કરવામાં આવ્યાં હતાં અને ઉપસ્થિત તમામ લોકોએ આ તબક્કે મતદાન અંગે પ્રતિજ્ઞા લીધી હતી રાષ્ટ ગીત બાદ કાર્યક્રમ નું સમાપન કરવામાં આવ્યું હતું.

